ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: જીએચએસ-૧૦૨૦૧૯-૨૯૦૦-ક
૭/૭, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૨/૨૦૧૯

પ રિ પ ત્ર:

ભારતીય ચિકિત્સા પધ્ધતિ-આયુર્વેદ એ વિશ્વની સૌથી પ્રાચીનતમ અને સંપૂર્ણ ચિકિત્સા પદ્ધતિ છે.તમામ ઉપલબ્ધ ચિકિત્સા પદ્ધતિઓમાં આયુર્વેદ સૌપ્રથમ છે, જે શરીરમાંથી બધા જરોગોને દૂર કરી વ્યક્તિને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ અને નિરોગી બનાવે છે.

આયુર્વેદનો મૂળ હેતુ પ્રત્યેક વ્યક્તિને તમામ રીતે સ્વસ્થ અને આનંદિત રાખવાનો છે, જે અંતે નિરોગી સમાજ અને નિર્મળ સામાજિક વાતાવરણ સર્જે છે. આયુર્વેદ એ શરીરના શુદ્ધિકરણ માટે, વિશિષ્ટ ચિકિત્સા પદ્ધતિ 'પંચકર્મ' અને કુદરતી અસરકારક ઔષધીઓ દ્વારા વ્યક્તિને માનસિક તેમજ શારીરિક રીતે સ્વસ્થ બનાવે છે. આયુર્વેદ એ વ્યક્તિના શરીરની તાસીર મુજબ ચિકિત્સા પદ્ધતિ, આહાર-વિહાર અને જીવનશૈલી આપનાવવાની સલાહ આપે છે, જેમાં દરેક વ્યક્તિની જુદી-જુદીજીવન શૈલીને ધ્યાને લઇને સારવાર કરવામાં આવે છે. કહેવાય છે કે જ્યારે બધું જ નિષ્ફળ જાય છે, ત્યારે આયુર્વેદની શરૂઆત થાય છે. આયુર્વેદ એ રોગ થવાના કારણોને ધ્યાનમાં લે છે. તેથી જ ઠહીલા રોગોમાં પણ આયુર્વેદ સંપુર્ણપણે કાર્યક્ષમ છે.

પંચકર્મ એ આયુર્વેદની પ્રાથમિક શુદ્ધિકરણ અને ડિટોક્સિફિકેશન સંબંધિત સારવાર છે. પંચકર્મ એટલે 'પાંચ પ્રકારના રોગનિવારક ઉપચાર'. તેમાં વમન, વિરેચન, નસ્ય, બસ્તી અને રક્તમોક્ષણનો સમાવેશ થાય છે. પંચકર્મ એ શરીરના દોષોને સંતુલિત કરી શરીરમાંથી ઉંડાણપૂર્વકથી માનસિક તણાવ-સ્ટ્રેસ અને રોગોને દૂર કરે છે. દરેક વ્યક્તિની શારીરિક સ્થિતિને આધારે, પંચકર્મ ઉપચાર પસંદ કરવામાં આવે છે અને તેથી જ પંચકર્મ સારવાર શ્રેષ્ઠ પરિણામો આપે છે. પંચકર્મથી પાચન શક્તિ સુધરે છે, પોષક તત્વોનું શોષણ વધે છે. તેથી શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ થાય છે. જીવન દીર્ઘાયુ થાય છે. વાત,પિત્ત અને કફ સંતુલિત થતા શારીરિક અને રોગપ્રતિકારક શક્તિ વધે છે. દારૂ, સિગરેટ, તમાકુ જેવા વ્યસનોની ખરાબ આદત ઓછી કે દૂર થાય છે, મગજ શાંતિ અનુભવે છે,શરીરની તમામ ઇન્દ્રિયો ચેતનવંતી બને છે, વિચારોમાં સ્પષ્ટતા આવે છે અને બુદ્ધિ સતેજ થાય છે. શારીરિક અને માનસિક સ્તરે વ્યક્તિ વધુ મજબુત બને છે. સ્વસ્થ વ્યક્તિ પણ પંચકર્મ ચિકિત્સા કરાવીને શરીરને શુધ્ધ કરી રોગોથી મુકત રહી શકે છે.

આથી ભારતીય આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિ-પંચકર્મને પ્રોત્સાહન આપવા તથા આ સારવાર કરાવવા ઇચ્છતાં અધિકારી/કર્મચારીઓને પંચકર્મની સારવારને ફરજનો ભાગરૂપે ગણી દિન-૦૮ ની ઓન ડ્યુટી સારવારના સમયગાળાને ફરજ પર હાજર ગણવાની બાબત

વિભાગની વિચારણા હેઠળ હતી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના તમામ પ્રભાગ હેઠળની કચેરીઓના અધિકારી/કર્મચારીઓ માટે નીચે મુજબની જોગવાઇઓ કરવામાં આવે છે:

૧.૦ પંચકર્મ સારવાર એ દરેક અધિકારી/કર્મચારીઓ સ્વૈચ્છિક રીતે કરાવી શકે છે.

૨.૦ આ સારવાર કરાવવા ઇચ્છતા આ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના તમામ પ્રભાગો હેઠળની કચેરીઓના અધિકારી/કર્મચારીઓએ તેમની કચેરીની ફરજ કે આરોગ્યલક્ષી સેવામાં બાધ ન આવે તે રીતે દિન-૮ની પંચકર્મ સારવારના સમયગાળાને ઓન-ડ્યુટી તરીકે ગણવા સત્તા ધરાવતા સક્ષમ અધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

૩.૦ પંચકર્મ સારવાર ફરજીયાત પણે સરકારી કે ગ્રાંટ-ઇન-એઇડ આયુર્વેદ હોસ્પિટલ/દવાખાનામાં જ લેવાની રહેશે.

૪.૦ પંચકર્મ સારવાર લેનાર અધિકારી/કર્મચારીએ સારવાર લીધા બાદ, ફરજ પર હાજર થતાં સમયે સરકારી કે ગ્રાંટ ઇન એઇડ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા ઇસ્યુ કરેલ સર્ટીફિકેટ/પ્રમાણપત્ર, મંજુરી આપનાર સક્ષમ અધિકારીને રજૂ કરવાનું રહેશે.

૫.૦ આ સારવાર અધવચ્ચેથી છોડી દેવામાં આવે તો જે-તે અધિકારી/કર્મચારી માટે મંજુર થયેલ દિન-૦૮ સમયગાળાને ઓન-ડ્યુટી ન ગણતા તેમના ખાતેની જમા રજામાંથી ઉધારવાની રહેશે.

૬.૦ રાજયની તમામ સરકારી કે ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલ/દવાખાનામાં સરકારી અધિકારી/કર્મચારીઓને પ્રાથમિકતા/પ્રાયોરીટી આપવાની રહેશે.

ઉપર મુજબની જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ પ્રકારની પંચકર્મ સારવાર લીધેલ અધિકારી/કર્મચારીઓના કિસ્સાઓમાં સારવારના સમયગાળાને ફરજનો ભાગ ગણવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ એ. બાદી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
સર્વે અધિકારીશ્રીઓ, અને સર્વે શાખાઓ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ:

૧. અગ્રસચિવશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

૨. કમિશ્નરશ્રી, કમિશનર આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩. એમ.ડી., જીએમએસસીએલ, બ્લોક-૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૪. કમિશનરશ્રી, એફ.ડી.સી.એ., બ્લોક-૮/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૫. સી.પી.ઓ., કમિશનર આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬. નિયામકશ્રી(આયુષ), બ્લોક-૧/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.-
- ઉપરોક્ત બાબતે આપના તાબા હેઠળના તમામ દવાખાના/ હોસ્પિટલોને જરૂરી સૂચના આપવાની વિનંતીસહ.

૭. નિયામકશ્રી(કામદાર રાજ્ય વિમા યોજના), ૩ જો માળ, પંચદીપ ભવન, ઇન્કમ ટેક્સ ચાર રસ્તા નજીક, આશ્રમ રોડ, અમદાવાદ.

૮. અધિક નિયામકશ્રી(જાહેર આરોગ્ય), બ્લોક-૫/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૯. અધિક નિયામકશ્રી(તબીબી શિક્ષણ અને સંશોધન), બ્લોક-૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૦. અધિક નિયામકશ્રી(તબીબી સેવાઓ), બ્લોક-૫/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૧. અધિક નિયામકશ્રી(પરિવાર કલ્યાણ), બ્લોક-૫/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૨. સીઈઓ, ગુજરાત મેડીકલ એન્ડ એજ્યુકેશનલ રીસર્ચ સોસાયટી, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર.

૧૩. મુખ્ય ઇજનેર, પી.આઇ.યુ., સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર.

૧૪. સિસ્ટમ મેનેજર, આ.પ.ક.વિ., સરદાર ભવન,સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)

૧૫. નાયબ સેક્શન અધિકારીશ્રીની પસંદગી ફાઇલ.

૧૬. શાખા પસંદગી ફાઇલ.